## જન્મદિને વધામણી



જયેશભાઈ ડી બ્રહ્મભટ્ટ
સંગઠન મંત્રી
બ્રહ્મભટ્ટ સમાજ, ગાંધીનગર
મો. ૯૬૦૧૨ ૯૯૪૮૧

# રાષ્ટ્રીય કક્ષાની જમ્પ રોપ સ્પર્ધામાં ચૌધરી સ્કૂલ મોખરે




ગાંધીનગર, તા. ૧૮

રાષ્ટ્રીય કક્ષાની વેસ્ટ ઝોન જમ્પ રોપ સ્પર્ધા નાસિક મુકામે તાજેતરમાં યોજાઈ હતી, જેમાં ભાગ લઈને ગાંધીનગરની શ્રી જે એમ ચૌધરી સાર્વજનિક કન્યા વિદ્યાલયની ખેલાડીઓએ વ્યક્તિગત કક્ષામાં ગોલ્ડ અને ટીમ કક્ષામાં દ્વિતિય ક્રમ પ્રાપ્ત કર્યો છે.

આશા પી ચૌધરી, જાનકી બી ચૌધરી, ચંદ્રિકા બી ચૌધરી, અસ્મિતા બી ચૌધરી, રંજન જે ચૌધરી, હિના સી ચૌધરી, નીતા પી ચૌધરી, રીના એ ચૌધરી, હેતલ ઍસ ચૌધરી, ઉર્મિલા કે ચૌધરી, રિન્કુ જી ચૌધરી, શીતલ આર ચૌધરી, હેતલ ઍસ ચૌધરી, કાજલ બી ચૌધરી, નીતા ઍન ચૌધરી, આંચલ કે ચૌધરી, ભાવિકા વી ચૌધરી, પ્રિયા ઍસ ચૌધરી, દિવ્યા એ ઝાલા, ભારતી જે ચૌધરી, માયા ઍમ ચૌધરી, શીતલ ઍચ ચૌધરી આ વિજેતા ટીમમાં સામેલ હતાં. જેમને આચાર્ય સંતોકબેન ચૌધરી, ટીમ મૅનેજર, શાળાના વ્યાયામ શિક્ષક વિનાક્ષીબેન સુતરિયા તથા સમગ્ર શાળા પરિવારે અભિનંદન પાઠવ્યા છે.

### ગુજરાતમાં પ્રથમ વાર આદિશ્વર કૉલેજ દ્વારા

# ઍન્જિનીયરિંગની સ્માર્ટ લર્નિંગ માટે ઇ-આદિશ્વરનું વિમોચન





ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગરની આદિશ્વર કોલેજ ઓફ ટેક્નોલોજી-વિનસ દ્વારા એન્જીનિયરીંગગના પ્રથમ વર્ષના વિદ્યાર્થીઓ માટે આરંભ-ઓરિએન્ટેશન પ્રોગ્રામ અમદાવાદ મેનેજમેન્ટ એસોસિએશન હૉલ ખાતે યોજવામાં આવ્યો હતો. એન્જીનિયરીંગ સાથે આંત્રપ્રન્યોરશીપની થીમ સાથેના આ પ્રોગ્રામમાં ૨૦૦થી વધુ વિદ્યાર્થીઓએ તેમના વાલીઓ સાથે ભાગ લીધો હતો.

આ કાર્યક્રમમાં ડૉ. એમ. એન. પટેલ, વાઇસ ચાન્સેલર, ગુજરાત યુનિર્વસીટી, મુખ્ય અતિથિ ચંદ્રમૌલી પાઠક, આંત્રપ્રન્યોરશીપ નિષ્ણાત અને સ્નેહલ દેસાઇ, અદાણી ગ્રુપના અસોસીએટ પ્રેસીડેન્ટ અતિથિ વિશેષ તરીકે ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં એમ. એન. પટેલ તથા ચેરમનેના વરદ ઈ-આદિશ્વર નામની ઈ-લર્નિંગ એપ્લિકેશનનું વિમોચન કરવામાં આવ્યું હતું તથા આંત્રપ્રન્યોર સેલનું નિર્માણ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં કોલેજના યુનિવર્સિટી ટોપર્સ તથા વિવિધ શાકાઓના ટોપર્સને કેશ પ્રાઈઝથી સન્માનિત કરવામાં આવ્યા હતા.

કૉલેજના ચૅરમેન ઋષભ જૈને જણાવ્યું હતું કે આવનારા નવા શૈક્ષણિક સત્રમાં વિદ્યાર્થીઓ ઇ-લર્નિંગ દ્વારા ડિજીટલ ઈન્ડિયાને પ્રમોટ કરે તે હેતુસર કૉલેજમાં ઍડમિશન લેનાર ૨૦૦ જેટલા વિદ્યાર્થીઓને ટૅબલેટ ભેટ સ્વરૂપે આપવામાં આવ્યા હતા. ઈ-આદિશ્વર ઍપ દ્વારા વિદ્યાર્થીઓને સબ્જેક્ટ નોટ્સ તથા અસાઈમૅન્ટ્સ તેમના ટેબલેટ પર તરત જ જોવા મળશે. આ નવિન પ્રયાસને ઉપસ્થિત વાલીઓ તથા વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર બિરદાવ્યો હતો.

વધુમાં તેમણે જણાવ્યું હતું કે સંસ્થા દ્વારા આંત્રપ્રન્યોરશીપને પ્રોત્સાહન આપવા એક આંત્રપ્રન્યોર સૅલનું નિર્માણ કરવામાં આવ્યું છે, જેમાં વિદ્યાર્થી પોતાના અભ્યાસની સાથે અન્ય પ્રૉજેક્ટ કરી નવી ટૅકનોલૉજી તથા વ્યાપારકુશળતા શીખી શકશે અને સાથે-સાથે કમાણી પણ કરી શકશે. સાથે જે વિદ્યાર્થીઓ ફોરેન જઈ વધુ અભ્યાસ કરવા માગે છે તેમના માટે અન્ય ફોરેન યુનિવર્સિટી સાથે ફૅકલ્ટી તથા સ્ટુડન્ટ ઍક્સચેન્જ પ્રોગ્રામ પણ કરવામાં આવશે.

આ પ્રસંગે કૉલેજ દ્વારા તેજસ્વી વિદ્યાર્થીઓનું સન્માન કરવામાં આવ્યું હતું, તેમણે ચાર વર્ષમાં મેળવેલી સફળતા માટે વિદ્યાર્થીઓને રૂપિયા પચીસ હજાર સુધીના પુરસ્કાર આપવામાં આવ્યા હતા.

## દેના ગુજરાત ગ્રામીણ બેન્ક દ્વારા વૃક્ષારોપણ

ગાંધીનગર, તા. ૧૮

દેના ગુજરાત ગ્રામીણ બેન્ક દ્વારા ગાંધીનગર હેડ ઑફિસ ખાતે વૃક્ષારોપણના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં બૅન્કના ચૅરમૅન બી એસ લુથરા, જનરલ મેનેજર રાકેશભાઈ ચલવરીયા, રિજનલ મૅનેજર ઍચ ઍલ બેરવા તથા તમામ સ્ટાફમિત્રોએ સક્રિય ભૂમિકા ભજવી હતી.

## મનોરંજન

**સિટી પલ્સ**

**સ્ક્રીન-૧**
ગ્રેટ ગ્રાન્ડ મસ્તી (એ)
૬.૩૦. ૧૦.૦૦

**સ્ક્રીન-૨**
સુલતાન
૬.૦૦, ૯.૩૦
ગ્રેટ ગ્રાન્ડ મસ્તી (એ)
૧૨.૩૦, ૩.૩૦

**સ્ક્રીન-૩**
આઈસ એજ (અંગ્રેજી, ૩ડી)
૧.૪૫. ૫.૪૫, ૯.૪૫
આઈસ એજ (હિન્દી, ૩ડી)

**સ્ક્રીન-૪**
રોમિયો ઍન્ડ રાધિકા (ગુજરાતી)
૬.૪૫, ૯.૪૫
સુલતાન
૧૨.૦૦, ૩.૩૦

**સ્ક્રીન-૫**
સુલતાન
૨.૦૦, ૫.૧૫, ૮.૩૦
ગ્રેટ ગ્રાન્ડ મસ્તી (એ)
સવારે ૧૦.૦૦

# આઈટીઆઈ ખાતે 'વર્લ્ડ સ્કિલ ડે'ની જિલ્લાકક્ષાની ઉજવણી હાથ ધરાઈ



ગાંધીનગર, તા. ૧૮

"વર્લ્ડ યુથ સ્કીલ ડે" નિમીત્તે જુદી જુદી સ્કીલના નિર્દેશન દ્વારા જનતામાં સ્કીલ ડેવલોપમેન્ટ માટેની અભિરુચિ જાગૃત કરવાનો પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીનો અભિગમ છે. "વર્લ્ડ યુથ સ્કીલ ડે" નિમીત્તે ગાંધીનગર જિલ્લામાં આઈ. ટી. આઈ ગાંધીનગર ખાતે સંસ્થાના આચાર્યશ્રી બી. આર. વ્યાસે સ્કીલ પ્રોજેકટસ પ્રદર્શન આયોજીત કરેલ જે આજ રોજ ગાંધીનગર જીલ્લાના માન. કલેકટર સતિષ પટેલ, મ. ન. પા.ના સમિતિ સભ્ય કાર્તિકભાઈ પટેલ, નાઝાભાઈ દેસાઈ તથા અન્ય મહાનુભાવોની હાજરીમાં ખુલ્લું મુકવામાં આવેલ. સ્કીલ ડેના જિલ્લા લેવલના કાર્યક્રમમાં આઈ.ટી.આઈ ગાંધીનગર ખાતેના તાલીમાર્થીઓ દ્વારા તૈયાર કરેલ સ્કીલ પ્રોજેકટસ તથા તાલીમાર્થીઓ તાલીમ દરમ્યાન બનાવેલ જૉબને પણ પ્રદર્શિત કરવામાં આવેલ. જે મહાનુભાવોએ તાલીમાર્થીઓ દ્વારા તૈયાર કરેલ સ્કીલ જૉબ નિહાળી અને નવા તાલીમાર્થીઓને આ પ્રદર્શન ઉપરથી સારી નવીનતા સભર સ્કીલ વિકસાવવા અને નવા નવા પ્રોજેકટ બનાવવા પ્રોત્સાહિત કર્યા. જે સ્ટાફમિત્રોએ તાલીમાર્થીઓને પ્રોજેકટ તેમજ જૉબ બનાવવામાં મદદ કરેલ તેમને પણ ધન્યવાદ પાઠવવામાં આવ્યા હતા. આ પ્રસંગે ભૂતપૂર્વ તાલીમાર્થીઓને એન. સી. વી. ટી. પ્રમાણપત્રો પણ એનાયત કરવામાં આવ્યાં હતાં.

### સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત

# પત્રકારત્વ કોર્સના નવા સત્રનો આરંભ



સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત પત્રકારત્વ વિભાગના નવા સત્રનો પ્રારંભ થઈ ચૂક્યો છે. વિદ્યાર્થીઓએ સત્રના આરંભે ગાંધીનગરના સૌથી જૂના દૈનિક અખબાર 'ગાંધીનગર સમાચાર'ની મુલાકાત લીધી હતી અને તેના ઈતિહાસ તથા કાર્યવિધિની સાથે-સાથે આધુનિક પત્રકારત્વના પ્રવાહો અને ખ્યાલો અંગેની પણ વિશદ માહિતી પ્રાપ્ત કરી હતી. ઉલ્લેખનીય છે કે ગાંધીનગર શહેરમાં ચાલતા પત્રકારત્વના આ કોર્સમાં કોઈપણ વિષયમાં ગ્રેજ્યુએશન પૂર્ણ કરનાર વિદ્યાર્થી પ્રવેશને પાત્ર છે. અભ્યાસ માટેનો સાંજે ૬થી ૮ કલાક નિયત કરવામાં આવ્યો છે અને કોર્સનો સમયગાળો એક વર્ષનો છે. ચાલુ વર્ષની બૅચમાં જે વિદ્યાર્થીઓ પ્રવેશ મેળવવા ઈચ્છતા હોય તેઓ સત્વરે સંસ્થાનો સંપર્ક કરી પ્રવેશ મેળવી શકે છે. આ માટે સંયોજક મિતેષ મોદીનો (મો. ૮૪૦૧૮ ૬૩૨૨૯) સંપર્ક વિદ્યાર્થીઓએ કરવો.

## કોબાવાલા હાઈસ્કૂલ ખાતે મહેંદી સ્પર્ધા યોજાઈ

ગાંધીનગર, તા. ૧૮

શ્રી જીડીઍમ તથા ઍચઍનજે કોબાવાળા ગાંધીનગર હાઈસ્કૂલ, કોબા ખાતે ગૌરીવ્રત નિમિત્તે વિદ્યાર્થીનીઓ માટે મહેંદી સ્પર્ધાનું આયોજન શુક્રવારે કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં વિદ્યાર્થીનીઓએ મોટી સંખ્યામાં ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં ધોરણ-૯ની વિદ્યાર્થીની જ્યોતિ ડામોર, ધોરણ-૧૦ની વિધિ રાવળ, ધોરણ-૧૧ની રિના ઠાકોર તથા ધોરણ૧૨ની વિદ્યાર્થીની તેજલ વાઘેલા વિજેતા બની હતી, જેમને શાળા પરિવારે અભિનંદન પાઠવ્યા હતા.




નવગુજરાત કૉમર્સ કૉલેજ, ગાંધીનગર દ્વારા તાજેતરમાં શૈક્ષણિક પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં કૉલેજના વિદ્યાર્થીઓ ઉત્સાહપૂર્વક જોડાયા હતા. વિરેશ્વર મહાદેવ, પૌરાણિક જૈન મંદિર, વણજ ડેમ તથા ઈડરિયા ગઢ જેવાં ઐતિહાસિક સ્થળો વિદ્યાર્થીઓએ પ્રવાસ ઈન-ચાર્જ પ્રૉ. નિખિલભાઈ તથા પ્રૉ. જીગરભાઈના માર્ગદર્શન હેઠળ વિદ્યાર્થીઓએ નિહાળ્યાં હતાં. આ પ્રવાસમાં પ્રિન્સિપાલ વી ઍલ ગોસ્વામી, પ્રૉ. અર્ચિતાબેન, પ્રૉ. જગદીશભાઈ તથા ઑફિસ ઈન-ચાર્જ યુસુફભાઈ પણ જોડાયાં હતાં.

# આપણી સંમતિ વગર કોઈ વ્યક્તિ આપણને દુ:ખી કરી શકે જ નહીં



**આત્મનાદ**
પુલક ત્રિવેદી
pulak63@gmail.com

વૉટ્સઍપ ગુરુઓ અને ફેસબૂક સંતો દ્વારા રોજેરોજ જે જન સુધારણા કાર્યક્રમ અંતર્ગત એકથી એક ચઢિયાતા અને પ્રેરણાત્મક સૂત્રો કૉમ્પ્યુટર અને મોબાઈલની સ્ક્રિન પર ઠલવાતાં રહે છે. જોક ઍપાર્ટ... વૉટ્સઍપ ટૅકનોલૉજીના પ્રતિદિન નવા આવિષ્કારોને હૃદયપૂર્વકના આનંદસહ નમન છે. વાચક બિરાદરોને સ્વાભાવિક આશ્ચર્ય થશે કે આજે અચાનક આકસ્મિક રીતે વૉટ્સઍપને નમન કરી એના ગુણગાનથી વાતની શરૂઆત...! જી હા, બિલકુલ. વાત પણ એવી જ છે.

તાજેતરમાં મારા પરમ મિત્ર નવલભાઈએ મને વૉટ્સઍપ ઉપર પ્રમાણમાં લાંબી પણ મોજ આવી જાય એવી વાત મોકલી.

આર યુ હર્ટ? અર્થાત 'શું તમને માઠું લાગ્યું ?' મથાળા સાથેની અબ્રાહ્મ લિંકનના જીવનમાં બનેલી સત્યઘટનાની વાત છે. સૌથી તાકતવર અને જગત જમાદાર રાષ્ટ્ર યુનાઈટેડ સ્ટેટ્સ ઑફ અમેરિકાના રાષ્ટ્રપતિ તરીકે ચૂંટાયા બાદ પહેલીવાર તેમની ઑફિસમાં લિંકન સાહેબ આવ્યા ત્યારે તેઓ પ્રથમ પ્રવચન આપવા માટે ઊભા થયા તે વેળાની આ વાત છે. અબ્રાહમ લિંકનની બિલકુલ સામે પ્રથમ હરોળમાં બેઠેલા એક સજ્જન દેખાવમાં 'સૉફિસ્ટિકેટેડ' અને વસ્ત્ર પરિધાન ઉપરથી ધનાઢ્ય જણાતા હતા. એમણે ઊભા થઈને કહ્યું, 'મિ. લિંકન, તમને યાદ છે, તમારા પિતાજી મારા સમગ્ર પરિવાર માટે બૂટ બનાવતા હતા?' આ વાત સાંભળીને આખી સભામાં ખડખડાટ હાસ્યનું મોજું ફરી વળ્યું. સભામાં બેઠેલા બધા વિચારવા લાગ્યા, લિંકનને મૂર્ખ સાબિત કરીને એને જબરો ભોંયભેગો કર્યો. પણ કેટલાક લોકોને કુદરતે નોખી માટીના ઘડ્યા હોય છે... ખરેખર કેટલાક લોકો અલગ સાંચામાં પિસાઈને ઘડાતા હોય છે.

અબ્રાહમ લિંકને એ સજ્જનની આંખોમાં આંખો પરોવીને દ્રઢતાપૂર્વક વિનમ્રતાથી કહ્યું, 'જી હા સર. મને ખબર છે. મારા પિતાજી આપના પરિવાર માટે બૂટ બનાવતા હતા અને કદાચ અહીં બેઠેલા પૈકી ઘણા લોકો માટે પણ મારા પિતાજીએ બૂટ બનાવ્યાં હશે. કારણ કે મારા પિતાજી જેવા અદ્‌ભૂત બૂટ કોઈ બનાવી શકતું નથી. એ તો મહાન સર્જક છે. એ માત્ર બૂટ જ નથી બનાવતા, એ પ્રત્યેક બૂટ બનાવતી વેળા એમાં એમનો આત્મા રેડી દે છે. પણ મારે આપને પૂછવું છે કે, તમને એમના બનાવેલા બૂટથી કોઈ ફરિયાદ છે? હું તમને પૂછું છું કારણ કે હું પણ બૂટ બનાવવાની કારીગરી જાણું છું અને જો તમને કોઈ ફરિયાદ હોય તો હું તમને બીજી જોડી બનાવી આપું. જોકે મારા માનવા મુજબ પિતાજીએ બનાવેલાં કોઈપણ બૂટ માટે કોઈનેય ક્યારેય કોઈપણ ફરિયાદ હોતી નથી. એ એક મહાન સર્જક હતા. મને એમના માટે ગર્વ છે.'

આખી સભામાં સન્નાટો... ટાંકણી પડે તોય અવાજ સંભળાય એવી શાંતિ છવાઈ ગઈ. સભામાં બેઠેલા લોકોને સમજ ન પડી કે લિંકન કેવી પ્રકૃતિના વ્યક્તિ છે. અને પોતાના પિતાજીના કાર્ય માટે હજુ સુધી કોઈપણ ફરિયાદ ન આવવાનો આ વ્યક્તિને કેટલો ગર્વ છે.

આ દુનિયામાં આપણને આપણી પોતાની સંમતિ વગર કોઈ અન્ય વ્યક્તિ, ક્યારેય કોઈપણ રીતે દુખી કરી શકે જ નહીં. ખરેખર તો જે બને છે તે આપણને દુખી કરી શકે એવી બાબત છે જ ક્યાં? આપણે દુખી તો આપણા પ્રતિભાવોથી જ થઈએ છીએ.

કામ નાનું હોય કે મોટું, આપણા કામમાં નિષ્ઠા રાખીને એવા નિપુણ બનીએ કે સહજતાથી લાગે કે સુખ આપણી મુઠ્ઠીમાં જ છે. મોટા મહેલમાં, વાતાનુકૂલિત ઓરડામાં, કુશનવાળા ગાદલા ઉપર ઊંઘ માટે આળોટતો ધનાઢ્ય વ્યક્તિ સુખી કે પછી ફૂટપાથ ઉપર વરસતા વરસાદમાં મીણિયું બાંધીને નિરાંતે ઊંઘ લેતો માણસ સુખી? સુખ તો મનઃસ્થિતિની વિભાવના છે. સવલતો એ સુખ નથી. આનંદની મનઃસ્થિતિની વિભાવના જ સુખ છે.

કવિવર રવીન્દ્રનાથ ઠાકુર એક મજાની પ્રાર્થનતા કરતાં કહે છે કે,

હે પરમ કૃપાળુ, તું મને એવી શક્તિ આપ કે જેથી હું મારું મસ્ત રોજિંદી તુચ્છતાઓથી પર રાખી શકું. ઉર્ધ્વ રાખી શકું.'

કવિવરની આ પ્રાર્થના જીવનમાં શાંતિ માટેની ગુરુચાવી છે.


આમ જોવા જઈએ તો દુનિયામાં મોટાભાગના લોકો પોતાને દુખી માનતા હોય છે. જેનાં કારણોની એ પોતે જો તપાસ કરી જુએ તો એક જ કારણ મળે, અન્ય દ્વારા પોતાની તુચ્છતા પ્રસ્થાપિત કરવાના પ્રયાસ સામેનો પ્રતિભાવ. પોતાના કામ માટે પ્રાણ રેડીને કાર્ય કરવું એમાં જ સાચો નિજાનંદ છે. માણસના જીવનમાં આનંદ - શરીર અને સાંસારિક સવલતોના મોટાપણા કરતાં મનની મોટાઈમાં છે. અન્યને તોડીને, મરોડીને મળતો આનંદ એ ક્ષણજીવી આનંદ છે. અન્યને આનંદ આપતાં મન, હૃદય અને આત્મા ત્રણેય પુલકિત થાય અને ત્યારે જ સમજાય કે બીજાના આનંદમાં આપણી જાતને જોવાનો આનંદ કેટલો અલૌકિક અને અનેરો હોય છે. સાચું પૂછો તો આ જ તો આધ્યાત્મિકતા છે. એનો સીધો સંવાદ આત્મિક ચેતના સાથે થાય છે.

તુચ્છ ઉપલબ્ધિઓ અને આત્મશ્લાઘા સમા વખાણનાં મહોરાં પહેરીને આપણે બિનજરૂરી બોજ વધારતા ફરીએ છીએ... સૉરી, વેંઢારતા ફરીએ છીએ. છોડીએ યાર, આ માન-સન્માનની સ્થૂળ વાતો... હળવાંફૂલ બની વિહરવાની મજા લઈએ. અપમાન અને સન્માનના ચક્કરો તો જીવનભર ચાલતાં રહેશે. એના ચક્રવ્યૂહમાંથી બહાર નીકળી જઈએ અને પછી જોઈએ કે જીવનમાં જે બચે છે એ બીજું કશું નહીં પણ માત્ર ને માત્ર આનંદ જ આનંદ છે...

**ધબકાર**

શારીરિક સ્વાસ્થ્ય કરતાં વધારે અગત્યનું અને મહત્ત્વનું છે ચિત્તનું સ્વાસ્થ્ય.

(જે કૃષ્ણમૂર્તિ)





ઍમ પી શાહ ઍજ્યુકેશન સોસાયટી, કડી સંચાલિત શ્રીમતી મણિબેન ઍમ પી શાહ મહિલા આટ્ર્સ કૉલેજમાં સોમવારે ઍનઍસઍસ પરિચય બેઠક યોજવામાં આવી હતી, જેમાં કૉલેજની ૧૮૫ જેટલી વિદ્યાર્થીની બહેનોએ ભાગ લીધો હતો. પ્રોગ્રામ ઑફિસર ડૉ. આર ઍમ ચૌહાણે ઍનઍસઍસ કામગીરીની વિસ્તૃત સમજૂતી આપી હતી. પ્રિન્સિપાલ ડૉ. હિનાબેન પટેલના માર્ગદર્શન હેઠળ સમગ્ર કાર્યક્રમ સફળતાપૂર્વક સંપન્ન થયો હતો.

## વાચકોને આમંત્રણ

**'સંવેદના' વિભાગમાં સ્વાનુભવો લખવા**

લેખકો, વાચકોનું પ્રિય અને ગાંધીનગરનું પ્રથમ દૈનિક સમાચારપત્ર 'ગાંધીનગર સમાચાર' ખાસ લખવા માગતા વાચકો માટે સંવેદના વિભાગ શરૂ કરી ચૂક્યું છે અને આ માટે લખવા સૌને આમંત્રણ આપે છે. આ વિભાગ અંતર્ગત દર માસે અલગ-અલગ વિષયો આપવામાં આવે છે, જે માટે વાચકોએ લખાણ મોકલવાનું હોય છે. વિભાગ દર સોમવારે પ્રકાશિત કરવામાં આવે છે. કોઈપણ વાચક આ લખાણ મોકલી શકે છે, જે તેના નામ સાથે પ્રકાશિત કરાશે. હા, લખાણની લંબાઈ અને ઍડિટિંગનો અધિકાર અખબાર અબાધિત રાખે છે. વાચકોને વિનંતી છે કે શબ્દોની મર્યાદા ૧૫૦ સુધી રાખવામાં આવે.

જુલાઈ માસ માટેનો વિષય છે :

**'મારી સ્નેહાળ સખી'**